## સંક્ષિપ્ત સમાચાર

### બોડેલી મહિલા સરપંચો સાથે વ્હાલી દીકરી યોજના સહાયતા ઝુંબેશ યોજનાકીય જાગૃતિ સેમિનાર યોજાયો



**બોડેલી :** જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, છોટાઉદેપુર દ્વારા બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત દીકરીઓના જન્મને પ્રોત્સાહન આપવા અને તેમના શિક્ષણ તેમજ ઉજ્જવળ ભવિષ્ય માટે ‘વ્હાલી દીકરી યોજના’ કાર્યરત છે. આ યોજનાનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે હેતુથી મહિલા સરપંચો સાથે વ્હાલી દિકરી યોજના સહાયતા ઝુંબેશ અને અન્ય યોજનાકીય જાગૃતિ સેમિનારનું આયોજન બોડેલી તાલુકા પ્રમુખ શીતલકુંવરબા મહારાઉલ અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. જેમાં બોડેલી, નસવાડી, સંખેડા તાલુકાના મહિલા સરપંચો ઉપસ્થિત રહી હતી. તેમજ વ્હાલી દિકરી યોજના અંતર્ગત તમામ દિકરીઓના ફોર્મ ભરાય તે સુનિશ્ચિત કરવા તથા આપની પંચાયતમાં સમાવિષ્ઠ ગામની દરેક દીકરીના વાલી સુધી “વ્હાલી દીકરી યોજના”ની માહિતી પહોચાડવાની છે.

### પ્રાયોગિક સમજ વિકસાવે તે હેતુસર PM SHRI યોજના અંતર્ગત શિક્ષકો માટે વિશેષ તાલીમ યોજાઈ



**પાદરા :** રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 મુજબ વિદ્યાર્થીઓમાં આધુનિક ટેક્નોલોજી પ્રત્યે રસ વધે અને તેઓ AI | Robotics કિટના સાધનો દ્વારા ગણિત અને વિજ્ઞાન વિષયમાં પ્રાયોગિક સમજ વિકસાવે તે હેતુસર PM SHRI યોજના અંતર્ગત શિક્ષકો માટે વિશેષ તાલીમ યોજાઈ. GOG બજેટ હેઠળ PM SHRI યોજનામાં પસંદ થયેલી પ્રાથમિક શાળાઓમાં AI | Robotics કિટનો અસરકારક ઉપયોગ થાય તે માટે તા. 23 અને 24 ફેબ્રુઆરી, 2026ના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, કારેલીબાગ, વડોદરા ખાતે ગણિત-વિજ્ઞાનના શિક્ષકો માટે બે દિવસીય ઝોન કક્ષાની કાર્યશાળા યોજવામાં આવી. આ તાલીમમાં વડોદરા, વડોદરા કોર્પોરેશન, ભરૂચ, નર્મદા અને છોટાઉદેપુર જિલ્લાના તાલીમાર્થી શિક્ષકો ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર શ્રી મહેશ પાંડે દ્વારા શુભેચ્છા સંદેશ પાઠવી PM SHRI શાળાઓમાં વિદ્યાર્થીઓને AI | Robotics વિષયનો ખ્યાલ સ્પષ્ટ કરાવવા અને તેની ઉપયોગિતા સમજાવવા શિક્ષકોને પ્રેરણા આપવામાં આવી. રાજ્ય કક્ષાએ તાલીમ પ્રાપ્ત નિષ્ણાત તજજ્ઞો કિંજલબેન મિસ્ત્રી, મોનીકાબેન સોની અને સાગરભાઈ ચૌધરીએ બંને દિવસ તાલીમાર્થીઓને થીયોરી તથા પ્રેક્ટિકલ માર્ગદર્શન આપીને ઉત્કૃષ્ટ કામગીરી બજાવી.

### નસવાડીમાં ‘વિરાટ હિન્દુ સંમેલન’ અંતર્ગત ભવ્ય બાઈક રેલી યોજાઈ; જય શ્રી રામના નાદ સાથે નગર ગુંજી ઉઠ્યું



**નસવાડી :** છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકામાં ‘વિરાટ હિન્દુ સંમેલન’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નસવાડીના મુખ્ય માર્ગો પર વિશાળ બાઈક રેલી કાઢવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં હિન્દુ સમાજના યુવાનો અને અગ્રણીઓ કેસરીયા સાફા અને ઝંડા સાથે જોડાયા હતા. નસવાડીના મુખ્ય બજાર અને વિવિધ માર્ગો પરથી પસાર થઈ હતી. રેલી દરમિયાન “જય શ્રી રામ” અને “હર હર મહાદેવ” ના ગગનભેદી નારા લગાવવામાં આવ્યા હતા, જેનાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. માર્ગમાં ઠેર-ઠેર ફૂલહારથી રેલીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કોઈપણ અનિચ્છનીય ઘટના ન બને અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ પ્રશાસન દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ઉચ્ચ પોલીસ અધિકારીઓની દેખરેખ હેઠળ પોલીસ કાફલો રેલીની સાથે રહ્યો હતો.

### CETની પરીક્ષામાં ફતેપુરા (જા) પ્રાથમિક શાળાનો ઉત્કૃષ્ટ દેખાવ

**પાદરા :** પાદરા તાલુકાની ફતેપુરા (જા) પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ CET (સેટ) પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ હાંસલ કરી શાળાનું નામ રોશન કર્યું છે. “સૌ ભણે, સૌ આગળ વધે” ગુજરાત સરકારશ્રીના અભિગમ હેઠળ તેજસ્વી બાળકોને આર્થિક રીતે મદદરૂપ થવાના હેતુસર જાન્યુઆરી 2026માં લેવાયેલી ધોરણ-5ની CET પરીક્ષામાં શાળાના કુલ 30 વિદ્યાર્થીઓમાંથી 20 વિદ્યાર્થીઓ (66.66%) સફળ રહ્યા છે. પરીક્ષામાં કેયુર રણાએ 98 ગુણ મેળવી શાળામાં પ્રથમ સ્થાન મેળવ્યું, જ્યારે રુદ્ર શુક્લાએ 96 ગુણ સાથે ઉત્તમ પ્રદર્શન કર્યું. અન્ય સફળ વિદ્યાર્થીઓમાં કુલદીપ પરમાર (67), પાર્થ પઢિયાર (51), નીરવ મકવાણા (71), પિયુષ મકવાણા (75), આયુષ જાદવ (71), ઉન્નતિ જાદવ (60), વીરેન જાદવ (71), નક્ષ વ્યાસ (72), કિંજલ પઢિયાર (58), હરેન્દ્ર પરમાર (67), હર્ષદ ચૌહાણ (55) અને આરવ સોલંકી (52)નો સમાવેશ થાય છે. આ વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ મેળવવા હકદાર બન્યા છે. વિશેષ નોંધનીય બાબત એ છે કે પાદરા તાલુકામાં સૌથી વધુ 30માંથી 14 વિદ્યાર્થીઓ (46.66%) મેરિટમાં સ્થાન મેળવી શાળાએ તાલુકામાં સર્વોચ્ચ પરિણામ હાંસલ કર્યું છે. આ ઉત્તમ સિદ્ધિ બદલ ગ્રુપચાર્ય, સી.આર.સી. કો., એસ.એમ.સી.ના સભ્યો, બી.આર.સી. કો., તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી તથા બંને માન્ય સંઘના પ્રમુખ અને મંત્રીઓએ શાળા પરિવાર અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

**અમદાવાદ RPOને ધમકી ભર્યો મેલ મળતા છોટાઉદેપુર ઓફિસ તાત્કાલિક ખાલી કરાઈ, પોલીસ-ફાયર-SOG સહિતની ટીમો દોડી આવી**

# છોટાઉદેપુર પાસપોર્ટ ઓફિસને બોમ્બથી ઉડાવવાની ધમકીથી ખળભળાટ

**પાસપોર્ટ** ઓફિસ પરિસર અને આસપાસના વિસ્તારમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી









(પ્રતિનિધિ) છોટાઉદેપુર, 27

છોટાઉદેપુર શહેરમાં આવેલી પાસપોર્ટ ઓફિસને RDX બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સમગ્ર નગર સહિત આસપાસના વિસ્તારમાં ભારે ખળભળાટ અને ભયનો માહોલ સર્જાયો હતો. આ ધમકી ભર્યો મેલ **અમદાવાદ સ્થિત રિજનલ પાસપોર્ટ ઓફિસ (RPO)**ને મળતા તરત જ છોટાઉદેપુર પાસપોર્ટ ઓફિસને જાણ કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, આજે સવારે અંદાજે 10:00 વાગ્યાની આસપાસ અમદાવાદ RPO દ્વારા જાણ કરાઈ હતી કે આરપીઓ હેઠળ આવતી તમામ પાસપોર્ટ ઓફિસોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. આ સંદર્ભે છોટાઉદેપુર પાસપોર્ટ ઓફિસને એલર્ટ આપવામાં આવતા ઓફિસ તાત્કાલિક ખાલી કરાવી દેવામાં આવી હતી અને કામ અર્થે આવેલા નાગરિકોને બહાર બેસાડવામાં આવ્યા હતા.

ધમકીની જાણ થતાં છોટાઉદેપુર પોલીસ, ફાયર વિભાગ, SOG અને DYSP કે.એચ. સૂર્યવંશીની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. પાસપોર્ટ ઓફિસ પરિસર અને આસપાસના વિસ્તારમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. સુરક્ષા કારણોસર ઓફિસ બંધ રાખવામાં આવી હતી અને સમગ્ર વિસ્તારમાં કડક ચેકિંગ કરવામાં આવ્યું હતું.

**છોટાઉદેપુર શહેરમાં ભયનો માહોલ સર્જાયો**

પાસપોર્ટ ઓફિસને બોમ્બથી ઉડાવવાની ધમકી મળતા નગરજનોમાં ભય અને ચિંતા ફેલાઈ ગઈ હતી. ઘટનાને પગલે પોલીસ દ્વારા વધુ તપાસ અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસે નાગરિકોને અફવાઓથી દૂર રહેવા અને કોઈ શંકાસ્પદ માહિતી મળે તો તરત જ તંત્રને જાણ કરવા અપીલ કરી છે.

**ધુમાડાના ગોટેગોટાએ સાવલી હાઈવેને બાનમાં લીધો**

## સાવલી-વડોદરા રોડ પર લામડાપુરા નજીક ખાનગી કેમિકલ કંપનીમાં વિકરાળ આગ

**કંપનીની** મિલકતને લાખો રૂપિયાનું નુકસાન થયું હોવાનું અનુમાન



(પ્રતિનિધિ), વડોદરા. તા.27

વડોદરા-સાવલી રોડ પર આવેલા લાંમડાપુરા ગામ પાસે આવેલી રાજશા કેમિકલ કંપનીમાં લાગેલી વિકરાળ આગે સમગ્ર પંથકને બાનમાં લીધો હતો. કેમિકલના જથ્થામાં લાગેલી આગ એટલી ભયાનક હતી કે જોતજોતામાં આકાશ કાળા ડિબાંગ ધુમાડાથી છવાઈ ગયું હતું અને દૂર દૂરથી ધુમાડાના ગોટે ગોટા નજરે પડ્યા હતા.

સાવલી-વડોદરા રોડ પર કેમિકલ કંપનીમાં વિકરાળ આગ લાગી હતી. લામડાપુરાના રાજશા કંપનીની આગની જ્વાળાઓ કિલોમીટરો સુધી દેખાઈ હતી. બનાવની જાણ થતાં 4 થી વધુ ફાયર ફાઈટરોની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને આગ પર કાબૂ મેળવવા જહેમત ઉઠાવી હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, એક તબક્કે આ દ્રશ્યો જોઈ આસપાસના ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો હતો અને લોકો જીવ બચાવવા રસ્તા પર દોડી આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, કંપનીના પ્લાન્ટમાં અચાનક આગ ફાટી નીકળી હતી. કેમિકલના ડ્રમ્સમાં થતા વિસ્ફોટોને કારણે આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આ ભીષણ આગના દ્રશ્યો કિલોમીટરો દૂરથી જોઈ શકાતા હતા. પવનની ગતિને કારણે આગ વધુ પ્રસરવાની દહેશત ઊભી થતા ગામડાપુરા અને નજીકના વિસ્તારમાં રહેતા લોકોમાં ભયનો માહોલ છવાયો હતો.

**જેતપુરપાવીના મધ્ય વિસ્તારમાં ભારે ટ્રેલરોનો ખતરો**

## ભારે પથ્થર ભરેલા તોતિંગ વાહનોથી અકસ્માતની ભીતિ, ટ્રાફિક સમસ્યા ગંભીર

(પ્રતિનિધિ), જેતપુરપાવી. તા.27

જેતપુરપાવી શહેરના મધ્ય વિસ્તારમાંથી પથ્થર ભરેલા મોટા ટ્રેલરો પસાર થતાં અકસ્માતનો ગંભીર ભય ઊભો થયો છે. છેલ્લા ઘણા સમયથી સાંજ પડતાની સાથે જ આવા તોતિંગ ટ્રેલરો શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થતા હોવાના કારણે ટ્રાફિક સમસ્યા અને જનસુરક્ષા માટે જોખમ વધ્યું છે.




જેતપુરપાવીના ઘૂંટણવડ વિસ્તારમાં આવેલી ગ્રેનાઈટ માઈન્સોમાંથી પથ્થર ભરેલા ભારે ટ્રેલરો સાંજના સમયે ગામના મધ્ય ભાગ અને બજાર વિસ્તારમાંથી ઝડપભેર પસાર થાય છે. ખાસ કરીને બજાર વિસ્તારમાં દિવસભર ખરીદી માટે આવતા નગરજનો, મહિલાઓ અને બાળકોની અવરજવર વધુ હોય છે, ત્યારે આવા ભારે વાહનોના પસાર થવાથી કોઈ પણ સમયે ગંભીર અકસ્માત સર્જાઈ શકે તેવી ભીતિ વ્યાપી છે.

સ્થાનિક નગરજનોના જણાવ્યા મુજબ ટ્રેલરો ઘણીવાર નિર્ધારિત ગતિમર્યાદા વિના અને ટ્રાફિક નિયમોનું પાલન કર્યા વગર દોડતા જોવા મળે છે. સાંજના સમયે બજારમાં ભારે ભીડ હોવાને કારણે જોખમ વધુ વધી જાય છે.

## ચુનાખાન ગામ પાસેથી પસાર થતી અશ્વિન નદીમાં મગર દેખાયો

(પ્રતિનિધિ) નસવાડી, તા.27

નસવાડી તાલુકા ના સોડત અને ચુનાખાન ગામ વચ્ચે થી પસાર થતી અશ્વિન નદીમાં મગર દેખાયો બે ગામોના પશુ માલિકો આ જગ્યા ઉપર પશુઓને નદી માં પાણી પીવડાવવા માટે જાય છે મગર દેખાતા ખેડૂતો માં ચિંતા વધી મગર નું રેસ્ક્યુ કરીને લઈ જવામાં આવે તેવી ખેડૂતો ની માંગ.



નસવાડી થી એક કિલોમીટર દૂર આવેલ સોડત અને ચુનાખાન ગામ વચ્ચે થી અશ્વિન નદી પસાર થાય છે જ્યારે સોડત ગામ પાસે નદી માં મગર દેખાયો છે અને આ જગ્યા ઉપર ખેડૂતો પશુઓને પાણી પીવડાવે છે તેમજ લોકો ની અવરજવર પણ મોટી સંખ્યા માં રહે છે જ્યારે ખેડૂતો નદી કિનારે એન્જિન મૂકીને સિંચાઈ માટે પાણી પણ નદી માંથી લે છે જ્યારે અશ્વિન નદી માં આઠ ફૂટ લાંબો મગર સાંજ ના સમયે બહાર નીકળતા સ્થાનિક લોકો એ જોયો હતો જેને લઈને લોકો માં ડર જોવા મળી રહ્યો છે જ્યારે આ મગર ને જલ્દી થી પકડી લેવામાં આવે કારણ કે આ જગ્યા ઉપર લોકો ની અવરજવર વધારે રહે છે અને મગર કોઈ ને ખેંચી જાય અને નુકશાન પહોંચાડે તે પહેલાં તંત્ર એ મગર નું રેસ્ક્યુ કરી ને સુરક્ષિત જગ્યા ઉપર છોડી મૂકવો જોઈએ જ્યારે હાલ તો ખેડૂતો ડર ના માર્યા પોતાના પશુઓને નદી કિનારે પાણી પીવડાવવા પણ નથી જતા.

**કલેક્ટર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા બાદ હવે વિવાદ ઉભો થયો છે**

## માલસર નર્મદા બ્રિજ પાસે ગેરકાયદે રેતી ખનન બંધ થતા જાહેરનામાનો ખોટો વિરોધ

**માલસર** તીર્થ વિસ્તારમાં ગેરકાયદે રસ્તો બનાવી રેતી ખનન કરતા ભૂમાફિયાઓ

(પ્રતિનિધિ) માલસર, તા.27

માલસર નર્મદા બ્રિજની બાજુમાં તેમજ માલસર તીર્થ વિસ્તારમાં ગેરકાયદે રસ્તો બનાવી રેતી ખનન કરતા ભૂમાફિયાઓ સામે વડોદરા જિલ્લા કલેક્ટર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા બાદ હવે વિવાદ ઉભો થયો છે. રેતી ચોરી અને ગેરકાયદે રસ્તા બનાવવાના ધંધા



બંધ થતાં માલસર ગામના બે અને પડોશી અંબાલી ગામના એક શખ્સ દ્વારા જાહેરનામાનો વિરોધ કરવામાં આવી રહ્યો હોવાનો આક્ષેપ થયો છે.

જ્યારે બીજી તરફ સમસ્ત માલસર ગામના ખેડૂતો, કેળાના વેપારીઓ, યાત્રાળુઓ, સાધુ-સંતો અને આશ્રમોના મહંતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ગામના લોકો નર્મદા મૈયાની આસ્થાના ભાગરૂપે પૂજા-અર્ચના કરી રહ્યા છે અને કલેક્ટરના નિર્ણયને આવકાર આપી રહ્યા છે.

માહિતી મુજબ, કલેક્ટરે જાતે ત્રણ વખત સ્થળ તપાસ કરી હતી, જ્યારે પ્રાંત અધિકારીઓ દ્વારા 10થી 12 વખત નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે પોલીસના ઉચ્ચ અધિકારીઓ, ગામના લોકો અને આશ્રમના મહંતોના નિવેદનો લીધા બાદ જ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હોવાનું જણાવાયું છે.

## સાધલી-કરજણ માર્ગ પર જીવલેણ અકસ્માત



(પ્રતિનિધિ) શિનોર, તા.27

શિનોર તાલુકાના સાધલી-કરજણ માર્ગ પર ટિંગલોદ અને વેમાર ગામ વચ્ચે ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો છે. રોડ પર ઉભેલા હાઈવા ડમ્પર પાછળ બાઈક ઘૂસી જતાં બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માતમાં મૃત્યુ પામનાર બાઈક ચાલક કરજણ શહેરના નવા બજાર વિસ્તારની રણછોડ પાર્ક સોસાયટીનો રહેવાસી સચિન પ્રજાપતિ હોવાનું જાણવા મળ્યું છે. અચાનક રોડ પર ઉભેલા ભારે વાહનને જોઈ ન શકવાથી આ અકસ્માત સર્જાયો હોવાનું પ્રાથમિક અનુમાન છે.

**પાદરામાં માનવતાનું અનોખું ઉદાહરણ: જીવદયા પ્રેમીઓએ નવું જીવન આપ્યું**

## ડેથ ટ્રેપ બનેલી કેનાલમાં ખાબકેલી ગૌમાતાનું દિલધડક રેસ્ક્યુ

**ડભાસા** પાસે તેજ પ્રવાહમાં ફસાયેલી ગાયને બચાવવા રસ્તે પસાર થતા ક્રેન ચાલકે મદદનો હાથ લંબાવ્યો

(પ્રતિનિધિ) વડોદરા, 27

પાદરા તાલુકાના ડભાસા ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં એક ગૌમાતા અકસ્માતે ખાબકી હોવાની ઘટના સામે આવી હતી. કેનાલના તેજ પ્રવાહ અને નાળા પાસે ગૌમાતા ફસાઈ જતાં તેમનો જીવ જોખમમાં મુકાયો હતો. જોકે, સ્થાનિક સંસ્થાઓ અને જાગૃત નાગરિકોની સમયસૂચકતાને કારણે ગૌમાતાને હેમખેમ બહાર કાઢી નવું જીવનદાન આપવામાં



આવ્યું છે.

ઘટનાની જાણ થતાં જ ‘પાદરા પ્રાણી જીવરક્ષક સંસ્થા’ની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. તેમની સાથે ‘સનાતન હિન્દુ રાષ્ટ્ર સંગઠન’ અને ‘હિન્દુ એકતા સંગઠન’ના કાર્યકરો પણ રેસ્ક્યુ કામગીરીમાં જોડાયા હતા. કેનાલના ઊંડા પાણી અને પ્રવાહને કારણે ગૌમાતાને બહાર કાઢવી પડકારજનક હતી.

રેસ્ક્યુ દરમિયાન હાઈવે પરથી પસાર થઈ રહેલી એક ક્રેનના ચાલકે માનવતા દાખવી પોતાની ક્રેન ઉભી રાખી હતી. આ ક્રેનની મદદથી ગૌમાતાને સુરક્ષિત રીતે કેનાલમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. આ કામગીરી દરમિયાન રસ્તા પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી, જેને ત્યાં હાજર યુવકોએ સંભાળી લીધી હતી.

ગૌમાતાને બહાર કાઢ્યા બાદ તુરંત જ પશુ ચિકિત્સક દ્વારા તેમની પ્રાથમિક તપાસ અને જરૂરી સારવાર કરવામાં આવી હતી. ગૌમાતાની સ્વાથ્યય સારૂ જણાઈ આવતા પ્રાણી જીવરક્ષક સંસ્થાના કાર્યકર આર્ય રોકીએ જણાવ્યું હતું કે, ગૌમાતા હવે સંપૂર્ણ સુરક્ષિત છે અને તેમને સારવાર બાદ કુદરતી વાતાવરણમાં છોડી દેવામાં આવ્યા છે. આમ જીવ દયા પ્રેમીઓએ એક અભોલ ગૌમાતાનો જીવ બચાવી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પરૂ પાડયુ છે.

## શિનોર તાલુકામાં નર્મદા કેનાલમાં પડેલા યુવકનો મૃતદેહ મળ્યો

**સેગવા** ગામના યુવકનો કુકસ નજીકથી મૃતદેહ મળતા શોકનો માહોલ

(પ્રતિનિધિ) શિનોર, તા.27

શિનોર તાલુકાના સેગવા ગામના એક યુવક નર્મદા કેનાલમાં પડતા ગુમ થયા બાદ આજે કુકસ નજીકથી તેમનો મૃતદેહ મળી આવ્યો છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સેગવા ગામના રહેવાસી દિલીપભાઈ ઉર્ફે દિનેશભાઈ ચંદુભાઈ પરમાર (ઉંમર 41 વર્ષ) સેગવા નજીક નર્મદા કેનાલમાં પડી જતા ગુમ થયા હતા. ઘટનાની જાણ થતાં શિનોર પોલીસ તથા કરજણ



ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક શોધખોળ શરૂ કરી હતી, પરંતુ ગતરોજ સુધી યુવકનો કોઈ પત્તો લાગ્યો ન હતો.

માહિતી મુજબ દિલીપભાઈ કોઈ કામધંધો કરતા ન હતા અને પત્ની પાસે પૈસાની માંગણી કરતા હતા. કામ બાબતે પત્નીએ ઠપકો આપતાં બંને વચ્ચે ઝગડો થયો હતો. ઝગડા બાદ દિલીપભાઈ ઘરેથી નીકળી સેગવા નજીક નર્મદા કેનાલ તરફ ગયા હતા.